પેરિસ ગેમ્સમાં બુધવારે સિંધુ, લવલીના, દીપિકા, શ્રીજા, લક્ષ્ય અને સ્વપ્નીલે રંગ રાખ્યો

પેરિસ ઓલિમ્પિક ગેમ્સમાં આજે બુધવારે ભારતના બેડમિન્ટન ખેલાડી પીવી સિંધુ અને લક્ષ્ય સેને પ્રભાવક રમત દાખવીને જીત મેળવીને પ્રિ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો, જ્યારે ટેબલ ટેનિસ ખેલાડી શ્રીજા અકુલાએ પણ મુશ્કેલ મેચમાં જીત મેળવીને પ્રિ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કરી લીધો હતો. બોક્સિંગ ઇવેન્ટમાં લવલીના બોરગોહેને પોતાની હરીફને સરળતાથી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો અને હવે તે સતત બીજા ઓલિમ્પિક્સ મેડલથી માત્ર એક જીત દૂર રહી છે. મહિલા સિંગલ્સ તિરંદાજીમાં અનુભવી દીપિકા કુમારીએ સતત બે મેચ જીતીને પ્રિ ક્વાર્ટર ફાઇનલમાં એન્ટ્રી કરી લીધી હતી. આ તરફ ભારતીય શૂટર સ્વપ્નિલ કુસાલે બુધવારે પુરુષોની 50 મીટર રાઇફલ 3 પોઝિશન ઇવેન્ટની ફાઇનલ માટે ક્વોલિફાય થયો હતો. જો કે તેનો સાથી ઐશ્વર્ય પ્રતાપ સિંહ તેમાં સ્થાન મેળવતા સ્ટેજમાં ચૂક્યો હતો. આ ઉપરાંત અનુષ અગ્રવાલા ઘોડે સવારીમાં વ્યક્તિગત ડ્રેસેજમાં મેડલની રેસમાંથી બહાર થઇ ગયો હતો. જ્યારે રાત્રે રમાયેલી ટેબલ ટેનિસની પ્રિ ક્વાર્ટર ફાઇનલમાં ભારતની મનિકા બત્રા જાપાનની મિયુ હિરાનો સામે 1-4થી હારીને આઉટ થઇ છે. આ તરફ તિરંદાજીની પુરૂષોની વ્યક્તિગત ઇવેન્ટમાં તરુણદીપ રાય રાઉન્ડ ઓફ 64માં બ્રિટનના ટોમ હોલ સામે 6-4થી હારીને આઉટ થયો હતો.

પેરિસ ઓલિમ્પિક્સમાં ભારતનું છઠ્ઠા દિવસનું શેડ્યૂલ

ઇવેન્ટ	ખેલાડી	સમય
ગોલ્ફ		
પુરુષ વ્યક્તિગત ફાઇનલ	ગગનજીત અને શુભંકર	બપોરે 12.30 વાગ્યે
શૂટિંગ		
પુરુષ રાઇફલ 3 પોઝિશન્સ ફાઇનલ	સ્વપ્નિલ કુસાલે	બપોરે 1.00 વાગ્યે
મહિલા રાઇફલ 3 પોઝિશન્સ ક્વોલિફિકેશન	સિફ્ત કૌર-અંજુમ મોદગીલ	બપોરે 3.30 વાગ્યે
હોકી		
ગ્રુપ સ્ટેજ મેચ	ભારત વિ બેલ્જિયમ	બપોરે 1.30 વાગ્યે
બોક્સિંગ		
મહિલા ફ્લાયવેટ પ્રી-ક્વાર્ટર	નિખત ઝરીન વિ યુ વુ (ચીન)	બપોરે 2.30 વાગ્યે
તીરંદાજી		
પુરુષ વ્યક્તિગત 1/32 એલિમિનેશન	પ્રવીણ જાધવ વિ કાઓ વેન્યાઓ (ચીન)	બપોરે 2.31 કલાકે
ટેબલ ટેનિસ		
મહિલા સિંગલ્સ ક્વાર્ટર ફાઇનલ	--	બપોરે 1.30 વાગ્યે
સેઇલિંગ		
પુરુષ ડીંગી રેસ વન	વિષ્ણુ સરવણન	બપોરે 3.45 વાગ્યે
પુરુષ ડીંગી રેસ 2	વિષ્ણુ સરવણન	રેસ 1 પછી
મહિલા ડીંગી રેસ વન	નેત્રા કુમાનન	સાંજે 7.05 કલાકે
મહિલા ડીંગી રેસ ટુ	નેત્રા કુમાનન	રેસ 1 પછી.

પેરિસ ઓલિમ્પિક 2024 મેડલ ટેલી

ક્રમ	દેશ	ગોલ્ડ	સિલ્વર	બ્રોન્ઝ	કુલ
36	ભારત	0	0	2	2
1	ચીન	8	6	2	16
2	ઓસ્ટ્રેલિયા	7	4	3	14
3	જાપાન	7	3	4	14
4	ફ્રાન્સ	6	9	7	22
5	બ્રિટન	6	6	5	17
6	કોરિયા	5	3	3	11
7	અમેરિકા	4	12	12	28

સીન નદીમાં પાણીની ગુણવત્તાની ચિંતા પછી મહિલા ટ્રાયથ્લોનમાં ફ્રાન્સની બ્યુગ્રાન્ડે ગોલ્ડ જીત્યો

પેરિસ, જુલાઇ તા. 31 : પેરિસ ઓલિમ્પિક ગેમ્સમાં મહિલા ટ્રાયથલોન આખરે બુધવારે અહીં સમાપ્ત થઇ હતી જેમાં યજમાન ફ્રાન્સની કસાન્ડ્રે બ્યુગ્રાન્ડે ગોલ્ડ મેડલ જીત્યો હતો. સીન નદીમાં ટ્રાયથલોન સ્વિમિંગ સ્પર્ધા યોજાવાની હતી, પરંતુ તેના પાણીની ગુણવત્તા અંગે થોડા સમયથી ચિંતાઓ ઊભી થઈ હતી. જેના કારણે અહીં પુરૂષ અને મહિલા ટ્રાયથલોનની પ્રેક્ટિસ સેશન અને મુખ્ય મેચો મુલતવી રાખવી પડી હતી.

નોવાક જોકોવિચ પેરિસ ઓલિમ્પિક્સ ટેનિસ મેન્સ સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં

પેરિસ, તા. 31 : સર્બિયાના ટોચના ક્રમાંકિત નોવાક જોકોવિચે બુધવારે અહીં પુરૂષ સિંગલ્સમાં જર્મનીના ડોમિનિક કોફરને 7-5, 6-3થી હરાવીને ચોથીવારઓલિમ્પિક ગેમ્સ મેન્સ સિંગલ્સ ટેનિસ ઈવેન્ટની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. હવે તેની નજર તેનો પહેલો ગોલ્ડ મેડલ જીતવા પર રહેશે કારણ કે આ મેડલ તેની કેબિનેટમાં હાજર નથી. રેકોર્ડ 24 ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીતનાર આ 37 વર્ષીય ખેલાડીએ 2008 બૈજિંગ ઓલિમ્પિક્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ વખતે ટેનિસ મેચ રોલા ગેરામાં યોજાઈ રહી છે જ્યાં જોકોવિચે ત્રણ મેજર ટાઇટલ જીત્યા છે. હવે ગુરુવારે, તેનો સામનો સ્ટેફાનોસ સિત્સિપાસ સાથે થશે. સિત્સિપાસે આર્જેન્ટિનાના સેબેસ્ટિયન બેઝને 7-5, 6-1થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

ટોક્યો ગેમ્સમાં મેન્ટલ હેલ્થના કારણે ઇવેન્ટ છોડનારી સિમોન બાઇલ્સની આગેવાનીમાં અમેરિકાએ ગોલ્ડ જીત્યો

પેરિસ, તા. 31 : માનસિક સ્વાસ્થ્યના કારણોને ટાંકીને ટોક્યો ઓલિમ્પિક ગેમ્સમાં અનેક ઈવેન્ટ્સની ફાઈનલમાંથી ખસી ગયેલી દિગ્ગજ અમેરિકન જિમ્નાસ્ટ સિમોન બાઈલ્સની આગેવાની હેઠળની અમેરિકાની મહિલા જિમ્નાસ્ટિક્સ ટીમે પેરિસ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતીને ટીકાકારોને ચૂપ કરી દીધા હતા. બાઈલ્સ, જોર્ડન ચિલ્સ અને સુનિસા લી ઓલિમ્પિક ગેમ્સમાં મેડલ જીતી ચૂક્યા છે, પરંતુ આ મંચે તેમને શારીરિક અને માનસિક ઘા પણ આપ્યા છે, જે કદાચ ક્યારેય રૂઝાઈ નહીં શકે પરંતુ આ ગોલ્ડ દ્વારા તેમની પીડા ચોક્કસ ઓછી થઈ જશે. પેરિસ ઓલિમ્પિક્સની ફાઈનલમાં પહોંચતાની સાથે જ અગાઉની બધી ખરાબ યાદો ભૂંસાઈ ગઈ હતી અને અંતે ગોલ્ડ મેડલની સાથે આનંદના અશ્રુ છલકાયા હતા.

8મી ઓલિમ્પિક્સ જોવા પેરિસ પહોંચેલી 'સુપરફેન' વિવિયને પોતાની બચત ખર્ચી નાખી

પેરિસ, તા. 31 જુલાઇ : ઓલિમ્પિક ગેમ્સ પાછળ ક્રેઝી એવી લોસ એન્જલસની 66 વર્ષીય વિવિયન રોબિન્સન પોતાની બચત ખર્ચીને અહીં પેરિસ પહોંચી છે. ઓલિમ્પિક્સની 'સુપરફેન' વિવિયન 40 વર્ષમાં સાત ઓલિમ્પિક જોઈ ચૂકી છે. પરંતુ પેરિસની આ સફર ઘણી મોંઘી સાબિત થઈ. તેણે 38 સ્પર્ધાઓની ટિકિટ ખરીદવા માટે તેના ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કર્યો અને ટ્રિપ માટે બે નોકરીઓ કરી હતી. તે દિવસ દરમિયાન 'વેનિસ બીચ' પર કામ કરતી, ચોખાના દાણા પર નામ લખતી અને રાત્રે કરિયાણાનો સામાન પેક કરતી હતી. તેણે કહ્યું હતું કે તેણે પેરિસમાં ઓલિમ્પિક્સ જોવાના તેના જુસ્સાને પૂરો કરવા માટે ખર્ચ કરેલા નાણાંની ભરપાઈ કરવા માટે તેણે વધુ બે વર્ષ કામ કરવું પડશે. તે કહે છે કે નાણા બચાવવા મુશ્કેલ હતા અને તે એક મોટું બજેટ હતું, પરંતુ અહીં આવવું હજાર ગણું સારું છે.

નવા નિયમો હેઠળ રેપેચેજ રાઉન્ડ દ્વારા દોડવીરોને સેમિફાઇનલ માટે ક્વોલિફાય થવાની તક મળશે

સેન્ટ-ડેનિસ (ફ્રાન્સ), તા. 31 : ઓલિમ્પિક્સ ટ્રેક અને ફિલ્ડ સ્પ્રિન્ટ્સમાં નિયમોનો નવો સેટ એથ્લેટ્સને આગલા રાઉન્ડમાં જવાની અને શરૂઆતના તબક્કામાં પાછળ પડવા છતાં રેપેચેજ રાઉન્ડ દ્વારા ઓલિમ્પિક્સ મેડલ જીતવાની બીજી તક આપશે. આ ઓલિમ્પિક ગેમ્સમાં હર્ડલ્સ ઈવેન્ટ્સ સહિત 200 મીટરથી 1500 મીટર સુધીની તમામ વ્યક્તિગત ટ્રેક ઈવેન્ટ્સમાં રેપેચેજ રાઉન્ડ રજૂ કરવામાં આવશે. હવે દરેક હીટમાં ટોચના ખેલાડીઓને સેમિફાઇનલમાં સીધો પ્રવેશ મળશે જ્યારે અન્ય ખેલાડીઓને રેપેચેજ દ્વારા તેમાં પહોંચવાની તક મળશે. ઓલિમ્પિક્સમાં ભાગ લેનારા ઘણા ખેલાડીઓ માટે આ પહેલીવાર હશે જ્યારે તેમને રેપેચેજ રાઉન્ડમાંથી પસાર થવું પડશે. ઘણા ખેલાડીઓ તેનો ભાગ બનવાને બદલે તેમની હીટમાં ટોચ પર રહીને ક્વોલિફાય થવા માગશે. રેપેચેજનો ઉપયોગ સેઇલિંગ, રેસલિંગ અને માર્શલ આર્ટસમાં થાય છે. રેપેચેજ એક ફ્રેન્ચ શબ્દ છે જેનો અર્થ થાય છે બીજી તક.

સિંધુ અને લક્ષ્ય પ્રભાવક જીત સાથે પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં

પીવી સિંધુએ એસ્ટોનિયાની ક્રિસ્ટીન કુબાને 21-5, 21-10થી જ્યારે લક્ષ્યએ ઇન્ડોનેશિયાના જોનાથન ક્રિસ્ટીને 21-18, 21-12થી હરાવ્યો

પેરિસ, તા. 31 (પીટીઆઇ) : ભારતીય બેડમિન્ટન સ્ટાર્સ લક્ષ્ય સેન અને પીવી સિંધુએ પેરિસ ઓલિમ્પિક ગેમ્સમાં પોતપોતાની મેચો પ્રભાવક રીતે જીતીને સિંગલ્સની પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. બે વારની ઓલિમ્પિક મેડલિસ્ટ સિંધુએ એસ્ટોનિયાની ક્રિસ્ટીન કુબાને સીધી ગેમમાં 21-5, 21-10થી હરાવી હતી, જ્યારે લક્ષ્યએ વર્લ્ડ નંબર 4 ઇન્ડોનેશિયાના જોનાથન ક્રિસ્ટીને સીધી ગેમમાં 21-18, 21-12થી હરાવ્યો હતો.

રિયોમાં સિલ્વર અને ટોક્યોમાં બ્રોન્ઝ મેડલ જીતનારી સિંધુએ આ એકતરફી મેચ 33 મિનિટમાં જીતી લીધી હતી. જ્યારે લક્ષ્યે જોનાથન ક્રિસ્ટી સામે જોરદાર રમત દાખવીને 50 મિનિટમાં જીત મેળવી હતી. લક્ષ્યએ આ જીત બાદ કહ્યું હતું કે તે ખૂબ જ મુશ્કેલ મેચ હતી અને હું મારા પ્રદર્શનથી ખુશ છું અને મારી નજર ગોલ્ડ પર છે.

લક્ષ્ય પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં ભારતના જ એચએસ પ્રણયનો સામનો કરે તેવી શક્યતા છે જે છેલ્લી ગ્રુપ મેચમાં વિયેતનામના લે ડ્યુક ફાટ સામે રમશે. બીજી તરફ સિંધુ વિશ્વની નવમી ક્રમાંકિત ચીનની બિંગજિયાઓ સામે રમી શકે છે, જેની સામે તે 11 વખત હારી ચૂકી છે અને નવ વખત જીતી છે. સિંધુએ ટોક્યો ઓલિમ્પિક્સમાં તેને હરાવીને જ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. વર્લ્ડ ચેમ્પિયનશિપ 2021 બ્રોન્ઝ મેડલિસ્ટ લક્ષ્યએ આ પહેલા ક્રિસ્ટીને માત્ર એકવાર ચાર વર્ષ પહેલા બેડમિન્ટન એશિયા ચેમ્પિયનશિપમાં હરાવ્યો હતો. લક્ષ્યએ આજની મેચમાં પરિપક્વતા દાખવીને સંયમની સાથે આક્રમક પ્રદર્શન કર્યું હતું.

50 મીટર રાઈફલ થ્રી પોઝિશનમાં સ્વપ્નિલ કુસાલે ફાઈનલ, ઐશ્વર્ય પ્રતાપ આઉટ

આજે રમાનારી ફાઇનલમાં ભારતના કુસાલે પર સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરવાનું દબાણ

શાતોહુ, તા. 31 (પીટીઆઇ) : ભારતનો સ્વપ્નિલ કુસાલે પેરિસ ઓલિમ્પિક ગેમ્સમાં પુરુષોની 50 મીટર રાઇફલ થ્રી પોઝિશનની ફાઇનલમાં ક્વોલિફાય થયો છે જો કે અન્ય ભારતીય શૂટર ઐશ્વર્ય પ્રતાપ સિંહ તોમર તેમાં સ્થાન મેળવતા ચૂકી ગયો હતો. કુસાલે ક્વોલિફાઇંગ રાઉન્ડમાં 590ના સ્કોર સાથે સાતમા સ્થાને રહ્યો હતો. જ્યારે ઐશ્વર્ય પ્રતાપ 589નો સ્કોર કરીને 11મા સ્થાને રહ્યો હતો. માત્ર ટોચના આઠ શૂટર્સ જ ફાઈનલ માટે ક્વોલિફાય થાય છે.

ચીનનો લિયુ યુકુન 594 સ્કોર કરીને ટોચ પર છે, જે ઓલિમ્પિક ક્વોલિફિકેશનનો રેકોર્ડ છે. કુસાલે ઘૂંટણિયે 198 (99 અને 99), પ્રોન 197 (98 અને 99) અને સ્ટ્રેન્ડિંગ પોઝિશનમાં 195 (98 અને 97) સ્કોર કર્યો. જ્યારે ઐશ્વર્યા પ્રતાપે ઘૂંટણિયે 197 (98 અને 99), પ્રોન 199 (100 અને 99) અને સ્ટ્રેન્ડિંગ પોઝિશનમાં 193 (95 અને 98) સ્કોર કર્યો હતો. સ્પર્ધાની ફાઈનલ આવતીકાલે ગુરુવારે રમાશે. ગયા વર્ષે, હેંગઝોઉ એશિયન ગેમ્સમાં, કુસાલે, ઐશ્વર્ય પ્રતાપ અને અખિલ શિયોરાને આ ઈવેન્ટની ટીમ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. કુસાલે ગયા વર્ષે એશિયન ગેમ્સમાં આ ઈવેન્ટની વ્યક્તિગત કેટેગરીમાં ચોથા સ્થાને રહ્યો હતો.

શ્રીજા અકુલા સિંગાપોરની જિયાન ઝેંગને હરાવી પ્રિ ક્વાર્ટર ફાઇનલમાં

પોતાના જન્મ દિવસે પ્રિ ક્વાર્ટર ફાઇનલમાં પહોંચનારી શ્રીજા મનિકા પછી ટેબલ ટેનિસની બીજી ભારતીય ખેલાડી બની

પેરિસ, તા. 31 (પીટીઆઇ) : ભારતની યુવા મહિલા ટેબલ ટેનિસ ખેલાડી શ્રીજા અકુલાએ શાનદાર પ્રદર્શન કરીને સિંગાપોરની જિયાન ઝેંગ સામે 4-2થી જીત મેળવી પેરિસ ઓલિમ્પિક્સ ટેબલ ટેનિસ મહિલા સિંગલ્સની પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો, આ સાથે જ તે મનિકા બત્રા પછી ટેબલ ટેનિસ સિંગલ્સમાં ઓલિમ્પિક ગેમ્સના અંતિમ 16માં પહોંચનારી બીજી ભારતીય ખેલાડી બની હતી. અકુલાએ 51 મિનિટ સુધી રમાયેલી મેચમાં 9-11, 12-10, 11-4, 11-5, 10-12, 12-10થી જીત મેળવી હતી.

પ્રથમ ગેમ ગુમાવ્યા બાદ શ્રીજાએ બીજી ગેમ જીતીને બરાબરી કરી લીધી હતી. બીજી ગેમમાં ઘણી ભૂલો કરવા છતાં તે જીતવામાં ભાગ્યશાળી હતી. આ પછી, તેણે જબરદસ્ત રમત બતાવી અને ત્રીજી અને ચોથી ગેમ પણ જીતી લીધી. સિંગાપોરની ખેલાડીએ પાંચમી ગેમ જીતી લીધી હતી પરંતુ છઠ્ઠી ગેમ જીતવાની સાથે શ્રીજાએ મેચ જીતી લીધી હતી.

મનિકા બત્રા પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં હારીને આઉટ

ટેબલ ટેનિસની મહિલા સિંગલ્સ ઈવેન્ટમાં મનિકા બત્રા રાઉન્ડ ઓફ 16માં હારીને બહાર થઈ ગઈ હતી. જાપાનની મિયુ હિરાનો સામે 1-4 (6-11, 9-11, 14-12, 8-11, 6-11)થી હાર્યા બાદ મનિકા બત્રાની આ ડ્રીમ રનનો અંત આવ્યો હતો. અગાઉ, મનિકાએપ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પહોંચનારી પ્રથમ ભારતીય પેડલર બનીને ઈતિહાસ રચ્યો હતો. મેચમાં મનિકા પ્રથમ બે ગેમ 6-11 અને 9-11થી હાર્યા બાદ તેણે ત્રીજા સેટમાં 14-12થી જીત મેળવી હતી. જો કે તે પછી અંતિમ બે ગેમ મિયુ હિરાનોએ 8-11, 6-11થી જીતીને મેચ જીતી અંતિમ 8માં સ્થાન પાકું કર્યું હતું.

લવલીના બોરગોહેન ક્વાર્ટર ફાઇનલમાં, બીજા ઓલિમ્પિક્સ મેડલથી એક જીત દૂર

લવલીનાનો સામનો હવે ટોક્યો ગેમ્સની સિલ્વર મેડલિસ્ટ ટોચની ક્રમાંકિત ચીનની લી ક્યિાન સામે 4 ઓગસ્ટે થશે.

પેરિસ, તા. 31 (પીટીઆઇ) : ટોક્યો ઓલિમ્પિક્સની બ્રોન્ઝ મેડલિસ્ટ લવલીના બોરગોહેને પેરિસ ગેમ્સમાં આજે બુધવારે અહીં પોતાની 75 કિગ્રાની બોક્સિંગ ઈવેન્ટમાં તેની પ્રથમ મેચમાં નોર્વેની સુનિવા હોફસ્ટેડને 5-0થી હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. લોવલીનાએ ટોક્યોમાં 69 કિગ્રા કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. તે સતત બીજો ઓલિમ્પિક્સ મેડલ જીતવા અને ભારતીય બોક્સિંગમાં અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરવાથી હવે માત્ર એક જીત દૂર છે.

જો કે, તેના માટે એ એટલું સરળ નહીં હોય કારણ કે હવે તેનો મુકાબલો 4 ઓગસ્ટે ટોચની ક્રમાંકિત ચીનની લી ક્યિાન સામે થશે. આ મેચમાં વિજય લવલીના માટે ઓછામાં ઓછો બ્રોન્ઝ મેડલ સુનિશ્ચિત કરશે. કિઆને ટોક્યો ઓલિમ્પિકમાં 75 કિગ્રા કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યો હતો અને રિયો ઓલિમ્પિક 2016માં બ્રોન્ઝ મેડલ પણ જીત્યો હતો. તે હેંગઝોઉ એશિયાડ 2022ની ગોલ્ડ મેડલિસ્ટ છે.

તેના પ્રથમ રાઉન્ડની મેચમાં, લવલીનાએ તેની હરીફ બોક્સરથી અંતર જાળવી રાખીને વળતો પ્રહાર કર્યો હતો, જ્યારે નોર્વેની ખેલાડી તેને પકડીને સમય બગાડવાનો પ્રયાસ કરતી જોવા મળી હતી. પરંતુ ભારતીય બોક્સરે પોતાનો સંયમ જાળવીને સચોટ પંચ વડે પોઈન્ટ મેળવ્યા હતા. લવલીનાને મુશ્કેલ ડ્રો મળ્યો છે. પરંતુ આ ચપળ બોક્સરે, હંમેશની જેમ, પડકારજનક મેચોમાં સારું પ્રદર્શન કરવાની તેની ક્ષમતા ચાલુ રાખી છે.

અનુષ અગ્રવાલ ઘોડેસવારીની વ્યક્તિગત ડ્રેસેજ ફાઇનલમાં સ્થાન મેળવવામાં નિષ્ફળ

પેરિસ, તા. 31 : ભારતીય ઘોડેસવાર અનુષ અગ્રવાલ બુધવારે અહીં ઓલિમ્પિક્સમાં ઘોડેસવારીનાં વ્યક્તિગત ડ્રેસેજની ફાઇનલમાં સ્થાન મેળવવામાં નિષ્ફળ રહ્યો હતો. અનુષ તેના ઘોડા સર કાર્મેલો સાથે કુલ 66.444 પોઈન્ટ સાથે તેના ગ્રુપમાં નવમા સ્થાને રહ્યો હતો. આ સ્પર્ધામાં કુલ 60 ઘોડેસવારોએ ભાગ લીધો હતો જેમને દરેક 10ના છ ગ્રુપમાં વહેંચવામાં આવ્યા હતા. ફાઇનલ માટે 18 ઘોડેસવારોએ ક્વોલિફાય કર્યું હતું, જેમાં ડેનમાર્કની લોડ્રુપ-ડુફોર કેથરિન તેના ઘોડા ફ્રીસ્ટાઇલ સાથે 80.792 પોઈન્ટ સાથે ટોચ પર રહી હતી.

દીપિકા કુમારી મહિલા વ્યક્તિગત તીરંદાજીમાં સતત બે મેચ જીતી પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં

દીપિકાએ એસ્ટોનિયાની રીના પરનાટને અને નેધરલેન્ડની ક્વિન્ટી રોફેને 6.2 થી હરાવી, તરૂણદીપ બ્રિટનના ટોમ સામે હારીને બહાર

પેરિસ, તા. 31 (પીટીઆઇ) : પેરિસ ગેમ્સમાં આજે બુધવારે ભારતની અનુભવી તીરંદાજ દીપિકા કુમારીએ સતત બે મેચ જીતીને મહિલા વ્યક્તિગત સીરિઝની પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. થોડા દિવસો પહેલા ભારતીય મહિલા તીરંદાજી ટીમ ક્વાર્ટર ફાઈનલમાં નેધરલેન્ડ સામે હારી ગઈ હતી, જેમાં દીપિકાના પ્રદર્શનની ભારે ટીકા થઈ હતી, પણ આજે દીપિકાએ સારું પ્રદર્શન કર્યું હતું. વ્યક્તિગત કેટેગરીમાં દીપિકાએ શૂટ-ઓફમાં એસ્ટોનિયાની રીના પરનાટને 6.5થી હરાવી હતી અને તે પછી નેધરલેન્ડની ક્વિન્ટી રોફેને 6.2 થી હરાવી હતી. હવે પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં તેનો મુકાબલો જર્મનીની મિશેલ ક્રોપેન સામે થશે. તિરંદાજીની પુરૂષોની વ્યક્તિગત ઈવેન્ટમાં તરુણદીપ રાય રાઉન્ડ ઓફ 64માં બ્રિટનના ટોમ હોલ સામે 6-4થી હારીને આઉટ થયો હતો.

પિતાની ઈચ્છા પૂરી કરવા 55 વર્ષની વયે 10મી ઓલિમ્પિક્સમાં ભાગ લઈ રહેલી જ્યોર્જિયન શૂટર

શાતોહુ (ફ્રાન્સ), તા. 31 (પીટીઆઇ) : જ્યોર્જિયન શૂટર નીનો સાલુકવાઝે નવ ઓલિમ્પિક્સમાં ત્રણ મેડલ જીત્યા બાદ રમત છોડી દેવાનો નિર્ણય કર્યો હતો, પરંતુ તેના સ્વર્ગસ્થ પિતાની છેલ્લી ઈચ્છા પૂરી કરવા માટે તે સતત દસમી ઓલિમ્પિક ગેમ્સ માટે અહીં આવી રહી છે. જે મહિલા કેટેગરીમાં એક રેકોર્ડ છે. 55 વર્ષીય ખેલાડી ઓપનિંગ સેરેમનીમાં જ્યોર્જિયા માટે ધ્વજવાહક રહી હતી. તે સતત દસમી ઓલિમ્પિક ગેમ્સમાં ભાગ લેનારી પ્રથમ મહિલા અને ઘોડેસવાર ઇયાન મિલર પછી બીજી ખેલાડી છે. સાલુકવાઝે 1988માં સિઓલ ઓલિમ્પિક ગેમ્સમાં સોવિયેત યુનિયનનું પ્રતિનિધિત્વ કર્યું હતું, તેણે મહિલાઓની 25 મીટર પિસ્તોલ અને 10 મીટર એર પિસ્તોલમાં ગોલ્ડ અને સિલ્વર મેડલ જીત્યો હતો. 20 વર્ષ બાદ તેણે બૈજિંગ ઓલિમ્પિક 2008માં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. સાલુકવાઝે છેલ્લી ઓલિમ્પિક ગેમ્સ પછી નિવૃત્તિ લેવાનું આયોજન કર્યું હતું પરંતુ તેના પિતા વખ્તાંગ સાલુકવાઝેના શબ્દો યાદ આવ્યા જેને તે તેમની અંતિમ ઇચ્છા ગણી રહી છે. આ પછી જ તેણે પેરિસ ઓલિમ્પિક્સમાં ભાગ લેવાનું નક્કી કર્યું.

ભારતીય એથ્લેટ્સ પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરવા મેદાનમાં ઉતરશે, નજર નીરજ ચોપરા પર રહેશે

આજથી શરૂ થતી એથ્લેટિક્સ સ્પર્ધાની શરૂઆત પુરૂષ અને મહિલાઓની 20 કિમી વોકથી થશે, ભાલ ફેંક ઇવેન્ટ 6 ઓગસ્ટે શરૂ થશે

પેરિસ, તા. 31 (પીટીઆઇ) : ભારતની 29 સભ્યોની ટુકડી ગુરુવારથી શરૂ થઈ રહેલી પેરિસ ઓલિમ્પિક ગેમ્સમાં એથ્લેટિક્સ સ્પર્ધામાં જ્યારે પોતાના અભિયાનની શરૂઆત કરશે, ત્યારે બધાની નજર ભાલા ફેંક ઈવેન્ટમાં ટાઇટલનો બચાવ કરવા માટે ઉતરીને ભારતીય રમતોના ઈતિહાસમાં એક નવો અધ્યાય ઉમેરવાના નીરજ ચોપરાના પ્રયાસ પર રહેશે. પુરુષોની ભાલા ફેંક સ્પર્ધાનો ક્વોલિફિકેશન રાઉન્ડ 6 ઓગસ્ટે યોજાશે.

એથ્લેટિક્સ સ્પર્ધાની શરૂઆત પુરૂષો અને મહિલાઓની 20 કિમી વોકથી થશે જેમાં અક્ષદીપ સિંહ, વિકાસ સિંહ અને પરમજીત સિંહ બિષ્ટ પુરુષોની સ્પર્ધામાં ભાગ લેશે જ્યારે પ્રિયંકા ગોસ્વામી મહિલાઓની સ્પર્ધામાં ભાગ લેશે.

ભારતીય ખેલાડીઓમાં, અવિનાશ સાબલે અને પુરુષોની 4x400 મીટર રિલે ટીમ ટોચના પાંચમાં સ્થાન મેળવવાની ક્ષમતા ધરાવે છે. જ્યોતિ યારાજી, પારુલ ચૌધરી, અન્નુ રાની, મહિલાઓની 4x400 મીટર રિલે ટીમ, તજિન્દરપાલ સિંહ તૂર શોટ પુટ વગેરે જેવા ખેલાડીઓ પણ સારું પ્રદર્શન કરવાની ક્ષમતા ધરાવે છે.

પેરિસમાં વાવાઝોડાને લીધે હાઈ-સ્પીડ ટ્રેન સેવા ખોરવાઈ, ઘણાં મુસાફરો ફસાયા

પેરિસ, જુલાઈ 31 (એપી) એક સ્થાનિક વાવાઝોડાએ બુધવારે પેરિસને દેશના દક્ષિણપૂર્વ તેમજ સ્વિટ્ઝર્લેન્ડ સાથે બંને દિશામાં જોડતા તમામ હાઇ-સ્પીડ ટ્રેન ટ્રાફિકને વિક્ષેપિત કર્યો હતો. ફ્રેન્ચ રેલ કંપની એસએનએફસીએ જણાવ્યું હતું કે ઓલિમ્પિક્સ અને ઉનાળાની રજાઓ દરમિયાન મુસાફરી કરી રહેલા હજારો મુસાફરો તેના કારણે ફસાયા છે. એસએનએફસીએ જણાવ્યું હતું કે રેલ્વે ટ્રેક પર વૃક્ષો પડતાં, ફ્રાન્સની રાજધાનીના ગારે ડી લિયોન ટ્રેન સ્ટેશનથી ઉપડતી અને પહોંચતી તમામ હાઇ-સ્પીડ ટ્રેન સેવાઓને અટકાવવી પડી હતી. પેરિસના દક્ષિણપૂર્વમાં બરગન્ડીમાં એક ટ્રેન ઝાડ સાથે અથડાઈ. રેગ્યુલર સ્પીડ ટ્રેનો અલગ ટ્રેકનો ઉપયોગ કરે છે અને તેની સેવા પર કોઈ અસર થઈ નથી. એસએનસીએફએ જણાવ્યું હતું કે સત્તાવાળાઓએ ટ્રેકનો પાવર કાપી નાખ્યો હતો અને વૃક્ષને હટાવવાનું કામ શરૂ કરી દીધું હતું. જો કે, આ સેવા શરૂ કરવામાં વધુ સમય લાગશે, આથી સ્ટેશનથી ઉપડતી તમામ ટ્રેનોને પાછી બોલાવવામાં આવી છે જેથી લોકોને મુસાફરીના વૈકલ્પિક માધ્યમો મળી શકે.